## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




બહેન... અહીંની કેરી અહી મળે છે ત્યાં સુધી ખાઈ લો... પછી આ કેરી વિદેશી લોકો ખરીદીને તમને વેંચશે ત્યારે મોંઘી પડશે...

## જલારામ મંદિરમાં આજે ચામડીના રોગોનું નિદાન

ગાંધીનગર, તા. ૨

જલારામ સેવા સમાજ ટ્રસ્ટના ઉપક્રમે સેકટર-૨૯ જલારામ મંદિર ખાતે તા. ૩ જુલાઈને રવિવારે સવારે ૧૧ થી બપોર ૪ સુધી ચામડીના રોગોનો નિદાન કેમ્પ યોજાશે. સુરેન્દ્રનગરના તબીબ ડો.એ.એસ.સોની દ્વારા આયુર્વેદિક પદ્ધતિથી રોગોનું નિદાન કરીને રાહતદરે દવાઓનું વિતરણ કરાશે.




### ભાજપના ભરતી કૌભાંડ સામે ધરણાં

મધ્યપ્રદેશે વ્યાપમ - ગુજરાત પ્રદેશે વ્યાપકમાં કૌભાંડ દ્વારા 'ભાજપ ધન પાયો' યોજના અંતર્ગત અબજો રૂપિયાનો ધનસંચય કરનારી ભાજપ સરકારના વ્યાપક ભ્રષ્ટાચારનો પર્દાફાશ ખુદ ભાજપના આગેવાન અને કૌભાંડકારી ચંપાવત દ્વારા કરવામાં આવ્યો છે. જેના સામે વિરોધ પ્રદર્શન કરી તત્કાલીન શિક્ષણમંત્રી અને આજના મુખ્ય પ્રધાન અને શિક્ષણમંત્રીના રાજીનામાની માંગ સાથે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ અને ગાંધીનગર શહેર કોંગ્રેસના સંયુક્ત ઉપક્રમે સત્યાગ્રહ છાવણી સેકટર-૬ ખાતે ધરણા કાર્યક્રમ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી, પ્રદેશ મહામંત્રી નિશિત વ્યાસ, પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલ, ધારાસભ્ય કામિનીબા રાઠોડ, બાબુસિંહ ઠાકોર, જુગાજી ઠાકોર, ભરતભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયો.

## ખૂણે ખાંચરેથી...

● રાજ્યના મુખ્ય સચિવે આજે આધારકાર્ડ સહિત વિવિધ યોજનાઓને સાંકળી લેતા ૨૫ થી વધુ મુદ્દાઓની સમીક્ષા વિડીયો કોન્ફરન્સથી કરી હતી.

● વિશ્વ વસ્તી દિવસની ઉજવણીના ભાગરૂપે જન-જાગૃતિ અભિયાન જિલ્લાના વિવિધ વિસ્તારોમાં આરંભાયુ છે.

● ગાંધીનગર શહેર અને જિલ્લામાં રથયાત્રા પર્વની ઉજવણીની તૈયારીઓ આરંભાઈ છે.

● તમાકુ કંટ્રોલ માટેનો રોડ મેપ તૈયાર કરવા તંત્રના અધિકારીઓની બેઠકનો દોર આરંભાયો છે.

● રાજ્યમાં કેરોસીન લઈ જતા ટેન્કરો માટે મોબાઈલ ટેબ્લેટ લગાવવાના લાભાલાભ અંગેનો અભ્યાસ પુરવઠો વિભાગ દ્વારા હાથ ધરવામાં આવ્યો છે.

● જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ કંથારપુર વડ નજીક ઉભા થયેલા ગેરકાયદે દબાણો આજે તંત્ર દ્વારા હટાવવામાં આવ્યા છે.

● દહેગામ નગર-પાલિકાના ચીફ ઓફિસર તરીકે એચ.એન. પટેલની નિયુક્તી કરવામાં આવી છે.

# સ્ટેમ્પ વેન્ડરોના કમિશન દરો ૬ ટકા કરવા માટે રજૂઆત

ગાંધીનગર, તા. ૨

ગુજરાતમાં સ્ટેમ્પ વેન્ડરો હાલની મોંઘવારીમાં નજીવા કમીશનથી જનતાની સેવા કરી રહ્યા છે જે ઘણી જ દુઃખદ બાબત છે.

૨૫ વર્ષ પહેલા ૧૯૯૨માં સુપ્રીટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પે સ્ટેમ્પ વેન્ડરોના કમીશનદર અંગેનો પરિપત્ર કરેલ હતો. જેને ૨૫ વર્ષ વીતી ગયા છે. ત્યારબાદ જીવન જરૂરીયાતની વસ્તુઓમાં ઘણોજ વધારો થયેલ છે. છતાં વેન્ડરોના કમીશનમાં બિલકુલ વધારો થયેલ નથી. સરકારશ્રીએ ઈ-સ્ટેમ્પીંગ, ફ્રેન્કીંગ, પોસ્ટ ઓફિસમાં સ્ટેમ્પ પેપરોનું વેચાણ શરૂ કરવાને કારણે વેન્ડરોની રોજગારીમાં આર્થિક નુકશાન ભોગવવું પડે છે.

ઈ સ્ટેમ્પીંગ કંપની ફક્ત દસ્તાવેજના મોટા સ્ટેમ્પ આપે છે. રૂ. ૨૦-૫૦ કે ૧૦૦ના સ્ટેમ્પ આપવામાં આવતા નથી. પોસ્ટ ઓફિસમાં સંતોષકારક સેવાઓ ન મળવાથી લોકોને સ્ટેમ્પ વેન્ડરો પાસે આવવું પડે છે.

એક સ્ટેમ્પ વેન્ડર દરરોજના ૧૦૦ નંગ સ્ટેમ્પ વેચાણ કરી શકે છે. જેના રજિસ્ટરમાં સ્ટેમ્પ થયેલ સંપૂર્ણ માહિતી લખવાની હોય છે. વધુમાં વધુ રૂ. ૩૦૦ જેટલુ કમીશન મળી શકે છે. જે મોંઘવારીના સમયમાં ગુજરાન ચલાવવા માટે મુશ્કેલરૂપ છે.

બેંકો, કંપનીઓ, મોટાભાગની કાર્યવાહી સ્ટેમ્પ પેપર ઉપર જ થાય છે. મોંઘવારીમાં નાના સ્ટેમ્પનું વેચાણ કરવાનું પરવડતુ નથી. પરિસ્થિતિ વિચારીને સરકારે કમીશનના દરો વધારવા જોઈએ. હાલની મોંઘવારીમાં ૩ ટકાને બદલે ૬ ટકા દરો કરવાની છે.

અંબુ વિહોલ પ્રમુખ તથા યોગેશભાઈ પંડિત, મહામંત્રીશ્રી ગાંધીનગર જિલ્લા સ્ટેમ્પ વેન્ડર એસોસીએશને સરકારશ્રી સમક્ષ માંગણી કરેલ છે.

# ખાનગી શાળાને સરકારી શાળાના સંચાલનની જવાબદારી સોંપો

## સરકારી પ્રાથમિક શાળાઓની ગુણવત્તા ઊંચી લાવવા જાણીતા શિક્ષણવિદ્ ડૉ. સોમભાઈ પટેલનો મત : જ્યાં સુધી વાલીઓનું જીવનધોરણ નહીં સુધરે ત્યાં સુધી બાળકોનું સ્તર નહી સુધરે

ગાંધીનગર, તા. ૨

સરકારી પ્રાથમિક શાળાઓની ગુણવત્તા બાબતે સતત પ્રશ્નો ખડા થતા રહ્યાં છે. આ બાબતે જાણીતા શિક્ષણવિદ્ ડૉ. સોમભાઈ પટેલના મતે જિલ્લા તથા તાલુકાની દરેક સરકારી પ્રાથમિક શાળાની ગુણવત્તા સુધારવા દરેક ખાનગી શાળાને એક સરકારી શાળાના સંચાલનની જવાબદારી સોંપવી જોઈએ.

અત્યારે ચોતરફ સરકારી પ્રાથમિક શાળાની ગુણવત્તા બાબતે ચિંતાનો માહોલ સર્જાયા છે. આ બાબતે ચિંતા કરનારાઓને વાસ્તવિક પરિસ્થિતિનો ખ્યાલ ઓછો હોવાનુ જણાવતા ડૉ. સોમભાઈ પટેલ જણાવે છે કે આ બાબતે સૌથી મોટી મુશ્કેલી વિદ્યાર્થીઓ તથા તેમના શ્રમજીવી વર્ગના વાલીઓ પક્ષે છે, જેઓ અંધશ્રદ્ધા, અજ્ઞાનતા, વ્યસનો વગેરે બદીઓથી ઘેરાયેલા છે.

શિક્ષકો તો વારંવારની તાલીમ પામેલા અને ડિગ્રીધારી હોય છે અને શિક્ષણનું સ્તર ઊંચુ લાવવા પ્રયત્નશીલ હોય છે, પરંતુ સરકારી તંત્ર મર્યાદાઓથી ઘેરાયેલુ હોય છે એટલે એમને જે કરવુ હોય છે તે થઈ શકતુ નથી તેવી સ્થિતિ હોય છે. વળી, સરકારી પ્રાથમિક શાળાના બાળકોનું સ્તર પણ એવી કક્ષાનું હોય છે કે તેમાં સુધારો લાવવો એ પત્થર પર છોડ પ્રગટાવવાની આશા રાખવા સમાન જણાય છે. આ માટે પહેલા ઘરવિહોણા અને ઝુંપડપટ્ટીમાં રહેતા શ્રમજીવીઓનું જીવનસ્તર ઊંચુ લાવવાની જરૂર છે. જો તેમનું જીવન સ્તર ઊંચુ આવશે તો જ તેમના બાળકનું સ્તર સુધરશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ડૉ. સોમભાઈ પટેલ છેલ્લા છ વર્ષથી ઝુંપડપટ્ટીના બાળકોને ભણાવવાના સેવા યજ્ઞ કાર્ય સાથે જોડાયેલા છે. આ અનુભવના આધારે તેમણે ઉપરોક્ત વિચારો જણાવતા સરકારી પ્રાથમિક શાળાઓના સ્તરને સુધારવા જિલ્લા તાલુકાની તમામ ખાનગી શાળાઓને એક એક સરકારી શાળાના મોનીટરીંગ તથા સંચાલનની જવાબદારી સોંપવાનો મત વ્યક્ત કર્યો છે. તેમના મતે "માર્ગ પામેલો માર્ગ બતાવશે."

# ધી ગુજરાત સચિવાલય એમ્પલોઈઝ ન્યૂ ક્રેડિટ સોસાયટીના હોદ્દેદારો ચૂંટાયા



જયેશકુમાર એ. રાવલ



જયેશ ગામીત



નંદુભાઈ પટેલ



હર્ષદસિંહ વાઘેલા



ઉમેશભાઈ વસાવા



રાજુલ એન ભટ્ટ

ગાંધીનગર, તા. ૨

ધી ગુજરાત સચિવાલય એમ્પલોઈઝ કો.ઓ. ન્યુ ક્રેડિટ સોસાયટીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની આજે મળેલ બેઠકમાં વર્ષ ૨૦૧૬-૧૭ના નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.

તાજેતરમાં જ સોસાયટીની સામાન્ય સભા મળ્યા બાદ નવા ચૂંટાઈ આવેલા ડિરેક્ટરો સાથેની આ પ્રથમ બેઠક મળી હતી. ૧૫૦૦થી પણ વધુ સભાસદો ધરાવતી આ સહકારી સંસ્થા કર્મચારીઓની સંસ્થા છે. આ સંસ્થાને ગુજરાત રાજ્ય સહકારી સંઘે પણ શ્રેષ્ઠ સહકારી સંસ્થા તરીકેનો એવોર્ડ આપી સન્માનિત કરેલ છે જે ઉલ્લેખનીય છે. આજે મળેલ બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠકમાં સંસ્થાના પ્રમુખ તરીકે જયેશકુમાર એ. રાવલ, ઉપ પ્રમુખ તરીકે જયેશ ગામીત, માનદમંત્રી તરીકે નંદુભાઈ પટેલ, સહમંત્રી તરીકે હર્ષદસિંહ વાઘેલા, લોન સમિતિના ચેરમેન તરીકે ઉમેશભાઈ વસાવા અને ખરીદ સમિતિના ચેરમેન તરીકે રાજુલ એન. ભટ્ટ ચૂંટાઈ આવ્યા છે.

# સે. ૨૧ જલધારા સુપરમાર્કેટ સાથે ૧૫ લાખની છેતરપિંડી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ ખાતે સ્થિત જલધારા સુપરમાર્કેટના માલિકને ચાર શખ્સોએ મળીને રૂ. ૧૫ લાખનો ચુનો લગાવી દીધો હોવાની બાબત ધ્યાને આવી છે. પાંચ માસની મુદતે રૂ. ૧૫ લાખ લઈને ઈન્ફોસીટી ખાતે સ્થિત મિત્રની દુકાનગીરો મુકી હતી. મુદત બાદ પણ રૂપિયા પરત ન આપતા ગીરો મુકેલી દુકાન ટાંચમાં લેવા કાર્યવાહી કરી ત્યારે ખબર પડી કે તે દુકાન પણ વેચી દેવામાં આવી છે. આ મામલે સે-૨૧ પોલીસ મથકમાં ચાર શખ્સો સામે વિશ્વાસઘાત અને છેતરપીંડીનો ગુનો નોંધાવા પામ્યો છે.

સે-૨૧ જલધારા સુપરમાર્કેટના માલીક મનોજભાઈ માવજીભાઈ ધડુક સેકટર-૨૫ સુર્યનારાયણ સોસાયટીમાં રહે છે. ૧૮ ઓક્ટોબર ૨૦૧૦ એ સે-૨૭માં રહેતા તેમના મિત્ર દર્પણ ધીરજભાઈ ધોળકીયાએ કુડાસણના કૃષ્ણકુંજ સોસાયટીમાં રહેતા નરેશ સાંકા પટેલનો પરિચય મનોજભાઈ સાથે કરાવ્યો હતો. મનોજભાઈ પાસેથી પાંચ મહિનાની મુદત માટે રૂ. ૩ લાખ અને રૂ. ૧૨ લાખ એમ તબક્કાવાર રૂ. ૧૫ લાખ નરેશે લીધા હતા.

ઈન્ફોસીટી ખાતે સ્થિત નરેશના બે મિત્રો નંદુ પરષોત્તમ પટેલ અને વિનોદ પરષોત્તમ પટેલની દુકાન આ કિસ્સામાં મનોજભાઈ પાસે ગીરો મુકવામાં આવી હતી.

મુદત પુરી થવા છતા રૂપિયા પરત ન કરતા ગીરો લીધેલી ઈન્ફોસીટીની દુકાન કબ્જે લેવા પ્રયત્ન કર્યા ત્યારે ચોંકાવનારી હકીકત ધ્યાને આવી કે આ ગીરો લીધેલી દુકાન પણ તે શખ્સોએ વેચી મારેલી છે. મનોજભાઈએ ચારેય શખ્સો સામે સે-૨૧ પોલીસ મથકમાં ફરિયાદ આપતા પી.આઈ. મીની જોસેફે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# ભાજપ પ્રદેશ મહામંત્રી ભીખુભાઈ દલસાણીયાએ કોબા ગામની મુલાકાત લીધી

## ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી બલિદાન સપ્તાહ અંતર્ગત નવા-જૂના કોબા બૂથની મુલાકાત લઈ ભીખુભાઈએ ગ્રામજનોને માર્ગદર્શન પુરૂં પાડ્યું



ગાંધીનગર, તા. ૨

ભાજપના પ્રદેશ મહામંત્રી ભીખુભાઈ દલસાણીયાએ નવા કોબા બુથ નં. ૧૪૧ તથા ૧૪૨ તેમજ જુના કોબા ૧૪૦, ૩૫ દક્ષિણ ગાંધીનગર બુથ સમિતિની મુલાકાત લીધી હતી. ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીના બલિદાન સપ્તાહ તા. ૧૩ જૂનથી ૬ જુલાઈ જન્મ દિવસ સુધીના સમયગાળા દરમ્યાન ભારતીય જનતા પાર્ટી દરેક પદાધિકારીઓ બુથ સમિતિની મુલાકાત લઈ ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી ભારત દેશ અખંડિતા અંગે પ્રાણ ન્યોચ્છાવર કરનાર દેશના રાષ્ટ્રભક્તના બલિદાન સપ્તાહ ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેને અનુલક્ષી ભીખુભાઈ નવા કોબા ગામે બુથ સમિતિ નં. ૧૪૧ અને ૧૪૨ના સભ્યોને મળ્યા હતા. ભીખુભાઈ દલસાણીયા બુથ નં. ૧૪૨ના મતદાર છે. અને પોતે બુથ સમિતિ પ્રમુખ છે. સભ્યો, ગ્રામજનો સાથે બલિદાન સપ્તાહ અંગે માર્ગદર્શન આપ્યું હતું. તથા સરકારની વિવિધ ગામડના છેવાડાના માનવીને યોજના અંગે માહિતી ચર્ચા તેમજ વિકાસની રૂપરેખા આપવામાં આવી હતી. ગામમાં બુથ સમિતિ સભ્યો, સામાજીક કાર્યો, વૃક્ષારોપણ આરોગ્યલક્ષી કેમ્પ તથા મતદારોનો લોકસંપર્ક કરી માહિતી આપવા જણાવ્યુ હતુ. આ પ્રસંગે જિલ્લા મહામંત્રી આઈ.બી. વાઘેલા, કોબા ગામના સરપંચ યોગેશભાઈ નાયી તમામ આમંત્રિત મહેમાનોનું સ્વાગત કર્યુ હતુ. જ્યારે દશરથભાઈ પટેલે આભારવિધિ કરી હતી. ગામના અગ્રણી આગેવાન ભરતભાઈ પટેલ, પ્રવિણભાઈ પટેલ, ભીખાભાઈ પટેલ, જયંતિભાઈ પટેલ તથા ઉત્તર દસક્રોઈ સમાજના પ્રમુખ ચિમનભાઈ પટેલ, શૈલેષભાઈ પટેલ, ભુપેન્દ્રભાઈ પટેલ, ગાંડાભાઈ પટેલે હાજર રહી કાર્યક્રમની શોભામાં અભિવૃધ્ધિ કરી હતી.

# તલાટી કૌભાંડ મુદ્દે શિક્ષણમંત્રીના રાજીનામાની માગ કરતી આમ આદમી પાર્ટી

## એસઆઈટી દ્વારા તપાસની માંગ સાથે આપનું રાજ્યભરમાં ઉગ્ર વિરોધ પ્રદર્શન

ગાંધીનગર, તા. ૨

ભાજપ સરકારના રાજમાં બે વર્ષ પહેલા આચરવામાં આવેલા તલાટી કૌભાંડમાં અનેક મોટા ભાજપના નેતાઓની સંડોવણીની આશંકા જણાવાઈ રહી હતી. તાજેતરમાં મુખ્ય આરોપી કે જેવો પોતે આર.એસ.એસ. અને ભારતીય જનતા પાર્ટીના સદસ્ય છે તેવા કલ્યાણસિંહ ચંપાવત દ્વારા ખુલ્લેઆમ જાહેર કરવામાં આવ્યું કે રાજ્યભરમાં ભાજપના મંત્રીઓ દ્વારા ૫૦ હજારથી વધુ ભરતીમાં ભ્રષ્ટાચાર આદરી કરવામાં આવી છે અને આ ભરતીમાં ૧૦ કરોડથી વધુનો ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો છે. આ સાથે એ પણ જણાવવામાં આવ્યું છે કે રાજ્યના શિક્ષણ પ્રધાને તેમની પાસેથી મોટી રકમની માંગણી કરી હતી અને જો પાર્ટીને ફંડ નહી આપવામાં આવે તો જેલમાં નાખવામાં આવશે તેવી ધમકી આપવામાં આવી હતી. સાથો સાથ તેમણે જણાવ્યું હતું કે આ કૌભાંડમાં રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પણ સંડોવાયેલા છે અને તપાસ અધિકારીઓને સમગ્ર મુદ્દે રજુઆત કર્યા છતાં યોગ્ય તપાસ થઈ રહી નથી.







આ સમગ્ર કૌભાંડની એસ.આઈ.ટી. બનાવી નિષ્પક્ષ અને ભયમુક્ત તપાસ કરવામાં આવે અને તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી રાજ્યના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ રાજીનામુ આપે આ માંગ સાથે આમ આદમી પાર્ટી દ્વારા રાજ્યભરમાં ઉગ્ર પ્રદર્શન કરવામાં આવ્યા હતા. અને ઠેર ઠેર આ માંગ સાથેના આવેદનપત્ર કલેક્ટરને આપવામાં આવ્યા હતા. અમદાવાદમાં આર.ટી.ઓ ખાતે લોકસભાના ઈન્ચાર્જ રિતુરાજ મેહતાની હાજરીમાં મોટી સંખ્યામાં હાજર રહી કાર્યકરોએ વિરોધ પ્રદર્શન કર્યુ હતુ. સાઉથ ગુજરાતના ઈન્ચાર્જ કિશોર દેસાઈ અને કો ઈન્ચાર્જ મનોજ સોરઠીયાની આગેવાનીમાં ગાંધી પ્રતિમા ચોક બજારથી જિલ્લા સેવાસદન કલેક્ટર ઓફિસ સુધી રેલીનું આયોજન કરવામાં આવ્યુ હતુ અને કલેક્ટરને આ માંગો વિશે આવેદનપત્ર આપવામાં આવ્યુ હતુ. તેજ રીતે સેન્ટ્રલ ઝોનના ઈન્ચાર્જ અર્જુન રાઠવાની હાજરીમાં વડોદરા ગાંધીનગર ગૃહથી રેલી સ્વરૂપે કાર્યકરો કલેક્ટર કચેરી પહોંચ્યા હતા અને કલેક્ટરને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. રાજકોટ જિલ્લા પંચાયત ચોકમાં કાર્યકરો સાથે અમદાવદ ઝોનના ઈન્ચાર્જ ડૉ. ઈરસાન ત્રિવેદી હજાર રહ્યા હતા અને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. મહેસાણામાં કાર્યકર્તાઓ દ્વારા નવા ફૂવારા બાબા સાહેબ આંબેડકરના સ્ટેચ્યુ પાસે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. સૌરાષ્ટ્રના ભાવનગર, પોરબંદર, જામનગર અને અમરેલીમાં કાર્યકર્તાઓ દ્વારા આ મુદ્દે આવેદનપત્ર આપવામાં આવ્યા હતા.

ભાજપ સરકારે તલાટી ભરતી કાંડ દ્વારા કરોડોનો ભ્રષ્ટાચાર માત્ર નથી કર્યો પરંતુ રાજ્યના લાખો બેરોજગાર યુવાનોની કારકિર્દી સાથે ખિલવાડ કર્યો છે. જન-જનમાં લાગણી પ્રવર્તી રહી છે કે ભાજપે રાજ્યને ભ્રષ્ટાચારનો અડ્ડો બનાવી દીધો છે. જો ભારતીય જનતા પાર્ટીમાં હજુ પણ થોડી શરમ બચી હોય તો પ્રજાજનો અને આમ આદમી પાર્ટીની માંગોને માની શિક્ષણમંત્રી ભુપેન્દ્રસીંહ રાજીનામુ આપે અને સમગ્ર પ્રકરણની એસઆઈટી દ્વારા તપાસ કરાવે.